કામકાજનો ટૂંકો અહેવાલ

# તેરમી ગુજરાત વિધાનસભા

## ત્રીજું સત્ર

**(તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪ થી ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૧૪**

C:\Users\SDS\Desktop\THIRD SESSON KAMAKAJNO TUKO AHEVAL.docx

## <u>પ્ર સ્તા વ ના</u>

આ પ્રકાશનમાં તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્ર **તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪ થી ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪** દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

**ડી. એમ. પટેલ,**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેકટર નં. ૧૦,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
તારીખ :૨૮ –૩–૧૪

# <u>અ નુ ક્ર મ ણિ કા</u>



| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| **૧** | **૨.** | **૩.** |
| **૧.** | તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્ર**( તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪ થી ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪)** માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | |
| **૨.** | પત્રક ક્રમાંક : ૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| **૩.** | પત્રક ક્રમાંક : ૨ સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| **૪.** | પત્રક ક્રમાંક : ૩ સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| **૫.** | પત્રક ક્રમાંક : ૪ સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| **૬.** | પત્રક ક્રમાંક : ૫ ટૂંકી મુદતના તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| **૭.** | પત્રક ક્રમાંક : ૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૮.** | પત્રક ક્રમાંક : ૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૯.** | પત્રક ક્રમાંક : ૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| **૧૦.** | પત્રક ક્રમાંક : ૯ જુદા જુદા મંત્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી. | |
| **૧૧.** | પત્રક ક્રમાંક : ૧૦ દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| **૧૨.** | પત્રક ક્રમાંક : ૧૧ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| **૧૩.** | પત્રક ક્રમાંક : ૧૨ રાષ્ટ્રપતિશ્રી/ રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | |
| **૧૪.** | પત્રક ક્રમાંક : ૧૩ સન ૨૦૧૩–૧૪ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ | |
| **૧૫.** | પત્રક ક્રમાંક : ૧૪ ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧) | |
| **૧૬** | પત્રક ક્રમાંક : ૧૫ ધ્યાન દોરતી સૂચનાઓ ( નિયમ – ૧૧૬) | |
| **૧૭.** | પત્રક ક્રમાંક : ૧૬ જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ – ૪૪) | |
| **૧૮.** | પત્રક ક્રમાંક : ૧૭ દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો | |
| **૧૯** | પત્રક ક્રમાંક : ૧૮ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન–સરકારી વિધેયકો | |
| **૨૦.** | **પ**ત્રક ક્રમાંક : ૧૯ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| **૨૧.** | **પ**ત્રક ક્રમાંક : ૨૦ ખરેખર કામકાજ થયા પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| **૨૨.** | પત્રક ક્રમાંક : ૨૧ રોજેરોજના કામકાજનો સારાંશ | |
| **૨૩** | પત્રક ક્રમાંક : ૨૨ સત્રમાં સભ્યોએ ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| **૨૪** | પત્રક ક્રમાંક : ૨૩ શોકદર્શક ઉલ્લેખ. | |

## તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રા રં ભિ ક :**

તેરમી ગુજરાત વિધાનસભાનું ત્રીજું સત્ર ગુરૂવાર, તા.૨૦–૨–૨૦૧૪ના રોજ શરૂ થયું હતું અને બુધવાર, તા.૨૬–૨–૨૦૧૪ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદૃત માટે મુલતવી રહયું હતું અને ત્યારબાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૫ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૮ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ **કુલ ૨૨ કલાક અને ૫૨ મિનિટ** કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૨ કલાક અને ૫૧ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ અને પ્રસ્તાવો તેમજ અન્ય કામકાજમાં થયેલ સમય અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક–૧** માં આપવામાં આવી છે.

**૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય** :

ગૃહની બેઠકોની તારીખ અને સમય **પત્રક ક્રમાંક– ૨** માં આપવામાં આવેલ છે.

**૩. હાજરીઃ**

સત્ર દરમિયાન મળેલ ૮ બેઠકમાં વધારેમાં વધારે હાજરી ૧૩૫ અને ઓછામાં ઓછી ૧૧૨ હાજરી હતી અને સરેરાશ હાજરી ૧૨૬ રહી હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક : ૩** માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક : ૪** માં આપવામાં આવી છે.

**૪. રાજયપાલશ્રીનું સંબોધનઃ**

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬ (૧) અન્વયે રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાએ ગુરૂવાર તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગે ગુજરાત વિધાનસભાને હિન્દીમાં સંબોધન કર્યું હતું તે દિવસે સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેને સભ્યશ્રી ઋષિકેશ પટેલે સમર્થન આપ્યું હતું. આભાર પ્રસ્તાવ પર સુધારાની કુલ ૪૩ સભ્યોની ૪૩ સુચનાઓ મળી હતી. તે પૈકી ૩૬ સુધારાની સુચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૨૩ સુધારાઓ સભાગૃહમાં રજૂ થયા હતા. ચર્ચાને અંતે રજૂ થયેલ સુધારાઓનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો અને આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

**૫. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોઃ**

તેરમી ગુજરાત વિધાનસભાના **ત્રીજા સત્ર** દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે **તા. ૨૧–૨–૧૪ થી તા.૨૬–૨–૧૪** સુધીનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગતો નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની **કુલ–૧**, તારાંકિત પ્રશ્નોની **કુલ–૧૨૮૧** અને અતારાંકિત પ્રશ્નોની કુલ **૪૦૬** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે

કરવામાં આવ્યો તેની વિગતો પત્રક ક્રમાંકઃ–**૫ થી ૮** માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી પત્રક ક્રમાંકઃ– **૯** માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ–**૮૬૫** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને **કુલ – ૧૧** તારાંકિત પ્રશ્નોને અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી **૨૬** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા

**૬. પ્રશ્નોત્તરીને લગતી માહિતીઃ**

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ– **૪** યાદી ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીમાં **કુલ– ૪૦** પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની **૫૦–૫૦**ની એક એવી પાંચ યાદીઓ તેમજ નિયમ – ૮૭ (ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે **૯૩** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર **મૂ**કવામાં આવ્યા હતા. સભ્યશ્રીઓએ રાજીનામું આપતાં **૧૬** અતારાંકિત પ્રશ્નો રદ કરવામાં **આ**વ્યા હતા.

**૭. સરકારી વિધેયકો :**

**સરકારી વિધેયકો :–**

૧. દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો

સત્ર દરમિયાન **કુલ ૪** સરકારી વિધેયકોને દાખલ કરવામાં આવ્યા હતા.

**( પત્રક ક્રમાંક – ૧૦ )**

૨. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ૪ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યા હતા. **( પત્રક ક્રમાંક : ૧૧)**

૩. **વિધેયકોનું વર્ગીકરણ :–**

૧. ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો .......... ૦૧

૨. નવા વિધેયકો .......... ૦૦

૩. અન્ય વિધેયકો ......... ૦૩

## ૪. વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | ......... ૦૨ |
| ૨. | જાહેર સેવાને લગતા વિધેયકો | ......... ૦૦ |
| ૩. | શિક્ષણને લગતા વિધેયકો | ......... ૦૧ |
| ૪. | અન્ય વિધેયકો | ........ ૦૧ |

**૮ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–**

અગીયારમી વિધાનસભાના દસમાં સત્રમાં પસાર થયેલું અને જેને મહામહિમ રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેવું સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક–૨૦ને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.
**( પત્રક ક્રમાંકઃ ૧૨ )**

**૯. ૧. નાણાકીય કામકાજ :**

**(૧) અંદાજપત્ર**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૪,૦૩,૧૨,૫૦,૪૪,**૦૦૦/**-નું અંદાજપત્ર શુક્રવાર તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૩,૩૪,૦૦,૬૪,૧૭,૦૦૦ /– અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૬૯,૧૧,૮૬,૨૭,૦૦૦/– હતી.

**(ખ) લેખાનુદાન માટેનો પ્રસ્તાવઃ**

સન ૨૦૧૪–૨૦૧૫ના નાણાકીય વર્ષના અમુક ભાગ એટલે કે તા.૧લી એપ્રિલ, ૨૦૧૪ થી ૩૧મી જુલાઈ, ૨૦૧૪ સુધીના ચાર માસના સમય માટે થનાર અંદાજીત ખર્ચ પેટે રૂા.૩,૩૪,૦૦,૬૪,૧૭,૦૦૦/–સુધીની રકમ રાજયપાલશ્રીને અગાઉથી આપવા બાબતનો લેખાનુદાનનો પ્રસ્તાવ મંગળવાર,તા.૨૫મી ફેબ્રઆરી, ૨૦૧૪ના રોજ નાણા મંત્રીશ્રીએ સભાગૃહમાં રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવ ઉપર તે જ દિવસે ચર્ચા કરવામા આવી હતી અને ચર્ચાને અંતે લેખાનુદાન પ્રસ્તાવ સભાગૃહે પસાર કર્યો હતો.

**(ગ) ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક પર ચર્ચા :**

ગુજરાત વિનિયોગ(લેખાનુદાન) વિધેયક ૨૦૧૪ બુધવાર, તાઃ ૨૬–૨–૨૦૧૪ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઈ મુજબ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યો ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યુ હતું , પરંતુ આ વિધેયકની ચર્ચામાં કોઈ સભ્યશ્રી તરફથી મુદ્દો આવેલ ન હોઈ વિનિયોગ (લેખાનુદાન) વિધેયક ચર્ચા કર્યા વિના સભાગૃહે પસાર કર્યુ હતું.

**(૨) ખર્ચનું પૂરક પત્રક :**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેનું રૂા.૪૦,૮૬,૬૨,૦૯,૦૦૦/–ના ખર્ચનું પૂરક પત્રક શુક્રવાર તા.૨૧મી ફેબ્રુઆરી,૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા.૩૯,૬૮,૩૭,૬૫,૦૦૦/–અને બિનમતપાત્ર રકમ રૂા.૧,૧૮,૨૪,૪૪,૦૦૦/–હતી.

**(ખ) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં કુલ ૬૧ માગણીઓનો સમાવેશ થયો હતો. તેમાંથી ૧૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **(પત્રક ક્રમાંક : ૧૩ )** પસંદ થયેલી આ માગણીઓ પર બુધવાર તા.૨૬–૨–૨૦૧૪(પહેલી બેઠક)ના રોજ ચર્ચા કરવામાં આવી હતી અને તે વિના વિરોધે પસાર કરવામાં આવી હતી , જ્યારે બાકી રહેલી ૪૦ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ગ) કાપદરખાસ્તો :**

પૂરક માગણીઓ પર કુલ **૪૪** કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. તેમાંથી **૪૩** કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી , એક કાપદરખાસ્ત સભ્યશ્રીએ રાજીનામુ આપતાં રદ થઈ હતી. દાખલ કરવામાં આવેલી **૪૩** કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડાતાં કુલ **૩૫** કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આમાંથી ફરી એક સભ્યશ્રીએ સભ્ય તરીકે રાજીનામુ આપતાં એક કાપદરખાસ્ત ફરી રદ થઈ હતી. આમ કુલ ૩૪ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તે પૈકીની **૧૭** કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ઘ) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૪ બુધવાર, તાઃ ૨૬–૨–૨૦૧૪ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઈ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યો ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું, તદ્નુસાર કુલ **૪** સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, જે બધા જ મંજૂર રાખવામાં આવ્યા હતા. ચર્ચા બાદ વિનિયોગ વિધયેક સભાગૃહે પસાર કર્યુ હતું.

**૧૦ . મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો પ્રસ્તાવ (નિયમ–૧૦૬):**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૬ હેઠળ મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવની એક સૂચના સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત (શૈલેષ પરમાર) તરફથી મળી હતી જેને તા.૨૧–૨–૧૪ના રોજ સભાગૃહની અનુમતિ માટે રજૂ કરવા માનનીય અધ્યક્ષશ્રીએ પરવાનગી આપી હતી ઉકત પ્રસ્તાવને સભાગૃહની અનુમતિ મળી હતી પરંતુ નિયમ–૧૦૬(૪)ની જોગવાઈ મુજબ સમય પહોંચતો ન હોઈ પ્રસ્તાવ ચર્ચા માટે હાથ ધરી શકાયો ન હતો.

**૧૧. ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧):**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવની **કુલ–૨૫** સૂચનાઓ મળી હતી જે પૈકી **૨૪** સૂચના દાખલ કરવામાં આવી હતી અને **૧** સૂચના નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરેલ સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવ્યો ન હોવાથી સત્ર સમાપ્ત થતાં તે રદ થઈ હતી. **( પત્રક ક્રમાંકઃ– ૧૪)**

**૧૨ છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ–૯૧** સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામનું બેલટ **તા.૧૯–૨–૧૪**ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્યશ્રી બચુભાઈ ખાબડે**"નર્મદા બંધ ઉપર દરવાજા બેસાડવા અંગે "**ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૨૬–૨–૧૪ના રોજ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

**૧૩ ધ્યાન દોરતી સૂચના (નિયમ–૧૧૬):**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે **કુલઃ ૫** સૂચનાઓ મળી હતી. તેમાંથી **૪** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. જયારે એક સૂચના નિયમ–૬૨(૧)મુજબ રદ કરવામાં આવી હતી. દાખલ થયેલ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડી એકત્રિત કરીને એક સૂચના દાખલ કરવામાં આવી હતી. આ સૂચના ઉપર સંબંધિત મંત્રીશ્રીએ સભાગૃહમાં નિવેદન કર્યુ હતું **(પત્રક ક્રમાંકઃ ૧૫)**

**૧૪. નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનોઃ–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર જુદા જુદા વિષયને લગતાં કુલ ચાર નિવેદનો સંબંધિત મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંકઃ ૧૬ )**

**૧૫ . બિન–સરકારી વિધેયકો :–**

<u>પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો</u>

તેરમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં દાખલ કરવામાં આવેલ અને પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલ કુલ–૭ વિધેયકો હાથ ધરવાના હતા. જે માટે ચાલુ સત્રમાં બિન–સરકારી કામકાજ માટે ફાળવેલ દિવસ તા. ૨૫/૨/૨૦૧૪ ના રોજ ચાર વિધેયકો પર ચર્ચા હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા પરંતુ તમામ પ્રભારી સભ્યશ્રીઓની અનુપસ્થિતિ ને લીધે વિધેયકો ચર્ચા માટે હાથ ધરી શકાયા ન હતા **(પત્રક ક્રમાંક : ૧૭)** તેમજ સત્રાંતે કુલ–૦૭ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયા હતા. **( પત્રક ક્રમાંક : ૧૮)**

**૧૬. સભાગૃહના અવમાનના કિસ્સાઃ**

તા. ૨૫/૨/૨૦૧૪ના રોજ ગૃહની બીજી બેઠકમાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન, કોંગ્રેસ પક્ષના કેટલાક સભ્યો તરફથી તેમના સ્થાનેથી ઉભા થઈ હાથમાં સૂત્રો લખેલા ચોપાનિયા તથા પ્લેકાર્ડ  દર્શાવી સતત સુત્રોચ્ચાર કરી સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવામાં આવતા માન. અધ્યક્ષશ્રીએ  વિરોધ પક્ષના નીચે જણાવેલા ૧૩ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે તા. ૨૫/૨/૨૦૧૪ના રોજની કાર્યવાહીમાંથી દૂર કરવાનો આદેશ કર્યો હતો.

| અ. નં. | સભ્યશ્રીનું નામ | મત વિસ્તાર |
|---|---|---|
| ૧ | બારૈયા શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ | ૩૩–પ્રાંતિજ |
| ૨ | ચૌધરી શ્રી અમીતભાઈ હરિસિંહભાઈ | ૩૭–માણસા |
| ૩ | ગોહિલ શ્રી ભોળાભાઈ ભીખાભાઈ | ૭૨–જસદણ |
| ૪ | ધાનાણી શ્રી પરેશભાઈ | ૯૫–અમરેલી |
| ૫ | રાઠોડ શ્રી પ્રવિણભાઈ જીણાભાઈ | ૧૦૨–પાલીતાણા |
| ૬ | ચાવડા શ્રી અમિત | ૧૧૦–આંકલાવ |
| ૭ | પરમાર શ્રી પુનમભાઈ માધાભાઈ | ૧૧૪–સોજીત્રા |
| ૮ | ચૌહાણ શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ | ૧૧૭–મહેમદાવાદ |
| ૯ | પટેલ શ્રી હીરાભાઈ હરિભાઈ | ૧૨૨–લુણાવાડા |
| ૧૦ | પણદા શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ | ૧૩૨–દાહોદ |
| ૧૧ | ગામીત શ્રી પુનાભાઈ ઢેડાભાઈ | ૧૭૧–વ્યારા |
| ૧૨ | ચૌધરી શ્રી છનાભાઈ કોળુભાઈ | ૧૭૭–વાંસદા |
| ૧૩ | ચૌધરી શ્રી જીતુભાઈ હરજીભાઈ | ૧૮૧–કપરાડા |

**૧૭ પોઈન્ટ ઓફ ઓર્ડર :**

સત્ર દરમ્યાન કુલ બે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવેલ હતા અને તે અમાન્ય રાખવામાં આવ્યા હતા.

**૧૮ . યાદગાર બનાવો :**

**(૧) સભાગૃહમાં પ્રશ્નોત્તરી સમય દરમ્યાન પ્લેકાર્ડનું નિદર્શન કરતા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને એક દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા**

તેરમી ગુજરાત વિધાન સભાના ત્રીજા સત્ર દરમિયાન તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ મળેલા ગૃહની બીજી બેઠક દરમ્યાન પ્રશ્નોત્તરી સમય દરમ્યાન પ્રશ્ન અગ્રતા ક્રમ-૬ની ચર્ચામાં સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી એ પૂછેલા પૂરક પ્રશ્નના સંદર્ભે માનનીય અધ્યક્ષશ્રીએ, મૂળ પ્રશ્નની મર્યાદામાં જ પૂરક પ્રશ્ન પુછવા જોઇએ તેમ જણાવતા અને તે સંદર્ભે માનનીય સભ્યશ્રી જશુભાઇ બારડ સહિત કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ શ્રી પરેશભાઇ ધાનાણીના પ્રશ્નના સંદર્ભમાં રજૂઆત કરતા હતા તે દરમ્યાન સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી સહિત કોંગ્રેસ પક્ષના કેટલાક સભ્યશ્રીઓએ સૂત્રો લખેલા પ્લેકાર્ડનું નિદર્શન કરતા માનનીય અધ્યક્ષશ્રીએ નિદર્શન કરતા સભ્યશ્રીઓને એક દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.  જેને કારણે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા હતા

આમ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રશ્નોત્તરી સમય દરમ્યાન કોંગ્રેસ પક્ષના જે માનનીય સભ્યશ્રીઓએ હાથમાં પ્લેકાર્ડ દર્શાવી સભાગૃહમાં પ્રદર્શન કર્યું હતું તેવા સભ્યો, સર્વશ્રી પરેશભાઇ ધાનાણી, શ્રી અમીતભાઇ ચાવડા, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી પુનાભાઇ ગામીત, શ્રી હીરાભાઇ પટેલ, શ્રી ભોળાભાઇ ગોહેલ, શ્રી ગૌતમભાઇ ચૌહાણ, શ્રી વજેસિંહ પણદા, શ્રી પ્રવિણભાઇ રાઠોડ, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રી છનાભાઇ ચૌધરી તથા શ્રી અમીતભાઇ ચૌધરીને એક દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

**(૨) ગુજરાત પરિવર્તન પાર્ટીના એક માત્ર સભ્યશ્રી નલીનભાઇ કોટડીયાને ગુજરાત વિધાનસભા ભારતીય જનતા પક્ષના સભ્ય તરીકે ગણવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત.**

માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ મળેલા ગૃહની બીજી બેઠકમાં તા. ૨૫/૦૨/૨૦૧૪ના રોજ ગુજરાત પરિવર્તન પાર્ટી, વિધાનસભા પક્ષના સભ્યશ્રી નલીનભાઇ કોટડીયા (૯૪-ધારી) તરફથી મળેલ અરજી તેમજ અન્ય રજૂઆતોને ધ્યાને લઇ ભારતના બંધારણની દશમી અનુસૂચિ ફકરા ક્રમાંક-૪ની જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોવાથી ગુજરાત પરિવર્તન પાર્ટીના ભારતીય જનતા પાર્ટીમાં વિલીનીકરણને તેમણે માન્યતા આપી હોઇ હવે પછી ગુજરાત પરિવર્તન પાર્ટીના એકમાત્ર સભ્યશ્રી નલીનભાઇ કોટડીયાને તમામ હેતુઓ માટે ગુજરાત વિધાનસભા ભારતીય જનતા પક્ષના સભ્ય તરીકે ગણવાના રહેશે, તેવી જાહેરાત કરી હતી.

**૧૯ નાણાંકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી**

માનનીય અધ્ક્ષશ્રીએ **તા. ૨૧/૦૨/૨૦૧૪ના** રોજ સભાગૃહની સન ૨૦૧૩-૧૪ ના વર્ષ માટેની ચૂંટાયેલી/નિમાયેલી બધી જ સમિતિઓની મુદત આગામી સત્ર સુધી લંબાવવાની તેમજ જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતીરાજ સમિતિમાં ખાલી પડેલ બેઠકો ઉપર સભ્યોની ચૂંટણી કરવા માટેના કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

**૨૦ સમિતિની બેઠકો:**

| અ.નં | સમિતિનું નામ | બેઠકની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ : | ૧૮/૨/૨૦૧૪ |
| ૨ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૨૦/૨/૨૦૧૪ |
| ૩ | સદસ્ય નિવાસ સમિતિ | .૨૧/૦૨/૨૦૧૪ |

**૨૧. સમિતિઓના અહેવાલો:**

| અ.નં | સમિતિનું નામ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | પ્રથમ અહેવાલ | ૨૧/૨/૨૦૧૪ | ૨૧/૨/૨૦૧૪ |

**૨૨ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :**

ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ ૩૬ અહેવાલો તથા ૧૯ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી. **( પત્રક ક્રમાંક : ૧૯ )**

**૨૩ વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિઃ**

તેરમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તેમજ પક્ષોની તા.૨૬/૨/૨૦૧૪ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| **અ.નં** | **પક્ષનું નામ** | **સભ્ય સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભારતીય જનતા પક્ષ | ૧૧૯ |
| ૨ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૨ |
| ૩ | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૨ |
| ૪ | જનતા દળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫ | અપક્ષ | ૦૧ |
| ૬ | ખાલી | ૦૭ |
| | **કુલ** | **૧૮૨** |

**૨૪. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :**

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી

**પત્રક ક્રમાંક :– ૨૦** માં આપવામાં આવી છે.

**૨૫. રોજેરોજના કામકાજનો સારાંશઃ**

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **પત્રક ક્રમાંક– ૨૧** માં આપવામાં આવ્યો છે

**૨૬ વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળોઃ** સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **પત્રક ક્રમાંક–૨૨** માં દર્શાવવામાં આવી છે.

**૨૭. શોક દર્શક ઉલ્લેખ :**

સત્ર દરમિયાન કુલ-૯ (નવ) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા

(**પત્રક ક્રમાંક–૨૩**)

**૨૮. સભાત્યાગઃ**

**<u>૧. તા. ૨૧–૨–૨૦૧૪</u>**

તા.૨૧–૨–૨૦૧૪ના રોજ નિયમ–૧૧૬ અન્વયેની સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે રજૂ કરેલ જાહેર અગત્યની બાબત પરના નિવેદન બાદની પ્રશ્નોત્તરી બાદ, માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૧૧૬ની નોટીસ અંગેના નિયમો મુજબ એક અથવા તો બે જ સવાલ પૂછવાના હોય છે, તેમ છતાં માનનીય બલવતસિંહ એ કહયું એટલે ત્રીજો સવાલ પૂછવા દીધો છે, તેમ જણાવી આ હાઉસમાં જે કંઈ ચર્ચા થાય છે એ તમામ પ્રજાના હિતમાં જ થતી હોય છે એમાં અહિતની વાત જ આવતી નથી. આપણા નિયમોની મર્યાદામાં રહીને જ આ હાઉસમાં કાર્યવાહી થશે તેમ જણાવ્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૨. તા.૨૪–૨–૨૦૧૪(બીજી બેઠક)

તા.૨૪–૨–૨૦૧૪ના રોજ નામદાર રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાના વકતવ્ય દરમ્યાન, કોંગ્રેસ પક્ષ ધ્વારા વિરોધ દર્શાવી, સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૩. તા.૨૫–૨–૨૦૧૪ (બીજી બેઠક)

તા.૨૫–૨–૨૦૧૪ના રોજ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૭૩૮૫ 'અમદાવાદ–ગાંધીનગરને જોડતા મેટ્રો રેલની કામગીરી કોન્ટ્રાકટરને આપવા બાબત'ની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીના પેટા પ્રશ્ન દરમ્યાન કોંગ્રેસ પક્ષના દંડકશ્રી તથા કેટલાંક સભ્યશ્રીઓ તેમના સ્થાનેથી ઉભા થઈ જતાં, તેમજ કોંગ્રેસ પક્ષના કેટલાંક સભ્યશ્રીઓ ધ્વારા ચોપાનીયા, પ્લે કાર્ડનું પ્રદર્શન કરી સતત સૂત્રોચ્ચાર કરાતાં સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ એક દિવસ માટે સસ્પેન્ડ કરૂં છું તેમ જણાવ્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૪. તા.૨૫–૨–૨૦૧૪(બીજી બેઠક)

તા.૨૫–૨–૨૦૧૪ ના રોજ સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રશ્નની બાબત અંગે ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડર દરમ્યાન, માનનીય અધ્યક્ષશ્રીએ, પ્રશ્નમાં એમ્બીગ્યુટી રહી હોય તો તેના નિરાકરણ માટે કાયદામાં જોગવાઈ છે, તમે તેનો આશરો લઈ હાઉસમાં આવો આપણે તેની ચર્ચા કરીશું, તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડર છે જ નહીં તેમ જણાવ્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૫. તા.૨૬–૨–૨૦૧૪(બીજી બેઠક)

તા.૨૬–૨–૨૦૧૪ના રોજ નિયમ–૧૦૨ અન્વયેના છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વકતવ્ય દરમ્યાન, સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે કેન્દ્રની ટીકા કરે છે તેમ કહેતાં, માનનીય અધ્યક્ષશ્રીએ કેન્દ્રની ટીકા નથી કરી તેમ જણાવ્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૨૯ વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :**

| | વિગત | પ્રેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧. | રાજયપાલ ગેલેરી | ૧૨ |
| ૨. | અધ્યક્ષ ગેલેરી | ૧૫૧૪ |
| ૩. | અતિથિ વિશેષ ગેલેરી | ૬૫૨ |
| ૪ | પ્રેક્ષક ગેલેરી | ૨૫૯ |
| ૫ | શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી આવેલ મુલાકાતીઓ (કુલ- ૧૦૪ ગ્રુપ પાસ) | ૭૫૧૧ |
| | **કુલઃ** | **૯૯૪૮** |

**પત્રક ક્રમાંક :– ૧**

**(જુઓ ફકરા ક્રમાંક :–૧)**

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી

| **ક્રમ** | **કામકાજનો વિષય** | **કલાક** | **મિનિટ** | **ટકાવારી** |
|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** |
| ૧. | પ્રશ્નોત્તરી | ૪ | ૦ | **૧૭.૪૯** |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી વિધેયકો | ૦ | ૫૧ | **૩.૭૨** |
| | (બ) બિન સરકારી વિધેયકો | ૦ | ૧ | **૦.૦૭** |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૮ | ૬ | **૩૫.૪૨** |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા–મોકૂફીના પ્રસ્તાવો | | | |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | ૦ | ૨ | **૦.૧૫** |
| | (ક) બીજા પ્રસ્તાવો– સરકારી, બિન સરકારી તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦ | ૪૮ | **૩.૫૦** |
| ૫. | રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા | ૬ | ૪૩ | **૨૯.૩૭** |
| ૬. | બિન સરકારી સંકલ્પો | | | |
| ૭. | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | | | |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦ | ૧ | **૦.૦૭** |
| ૯. | અન્ય બાબતો | ૨ | ૨૦ | **૧૦.૨૨** |
| કુલ ...... | | ૨૨ | ૫૨ | **૧૦૦** |

**પત્રક ક્રમાંક :– ૨**

**(જુઓ ફકરા ક્રમાંક :–૨)**

સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| **કામકાજના દિવસો : ૫** | | | **સભાગૃહની બેઠકો : ૮** | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ/ મુલતવી | **બેઠકનો ખરેખર સમય ક.મિ.** |
| | | | બેઠક શરૂ થવાનો સમય | બેઠક પૂરી થવાનો સમય | | |
| ૧ | ગુરૂવાર | ૨૦–૨–૧૪ | ૧૨.૪૦ | ૧.૨૨ | –– | **૦.૪૨** |
| ૨. | શુક્રવાર | ૨૧–૨–૧૪ | ૮.૩૦ | ૧૧.૧૧ | –– | **૨.૪૧** |
| ૩ | સોમવાર | ૨૪–૨–૧૪ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | **૪.૦૦** |
| ૪ | | ૨૪–૨–૧૪ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૮ | ૦.૩૦ | **૩.૫૮** |
| ૫ | મંગળવાર | ૨૫–૨–૧૪ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૫૫ | ૦.૩૦ | **૩.૫૫** |
| ૬ | | ૨૫–૨–૧૪ (બીજી બેઠક) | ૨.૩૦ | ૪.૦૧ | –– | **૧.૩૧** |
| ૭ | બુધવાર | ૨૬–૨–૧૪ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૦૧ | **૦.૩૦** | **૩.૦૧** |
| ૮ | | ૨૬–૨–૧૪ (બીજી બેઠક) | ૨.૩૦ | ૫.૩૪ | –– | **૩.૦૪** |
| | | **સભાગૃહનો ખરેખર કુલ સમય .....** | | | | **૨૨.૫૨** |

**પત્રક ક્રમાંક :–૩**

**(જુઓ ફકરા ક્રમાંક : ૩ )**

**સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| અ.નુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી છબીલભાઈ નારણભાઈ પટેલ | ૨ | – | ૨ | ૨૪/૨/૨૦૧૪ના રોજથી રાજીનામુ |
| ૨ | શ્રી તારાચંદ જગશી છેડા | ૭ | ૧ | ૮ | |
| ૩ | ડો.નીમાબેન આચાર્ય | ૮ | – | ૮ | |
| ૪ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૮ | – | ૮ | |
| ૬ | ખાલી | – | – | – | |
| ૭ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૬ | ૨ | ૮ | |
| ૮ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯ | શ્રી જોઈતાભાઈ કસ્નાભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૦ | શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી | ૬ | ૨ | ૮ | |
| ૧૧ | શ્રી મણીલાલ જેઠાભાઈ વાઘેલા | ૮ | – | ૮ | |
| ૧૨ | શ્રી મહેશકુમાર અમૃતલાલ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૩ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૪ | શ્રી કેશાજી શિવાજી ચૌહાણ | ૮ | – | ૮ | |
| ૧૫ | શ્રી ધારશીભાઈ લખાભાઈ ખાનપુરા | ૮ | – | ૮ | |
| ૧૬ | શ્રી નાગરજી હરચંદજી ઠાકોર | ૮ | – | ૮ | |
| ૧૭ | શ્રી દિલીપકુમાર વીરાજીભાઈ ઠાકોર | ૮ | – | ૮ | |
| ૧૮ | શ્રી રણછોડભાઈ મહીજીભાઈ દેસાઈ | ૮ | – | ૮ | |
| ૧૯ | શ્રી બલવંતસિંહ ચંદનસિંહ રાજપૂત | ૮ | – | ૮ | |
| ૨૦ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૮ | – | ૮ | |
| ૨૧ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૭ | ૧ | ૮ | |
| ૨૨ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૭ | ૧ | ૮ | |
| ૨૩ | શ્રી રજનીકાન્ત સોમાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૨૪ | શ્રી રમેશભાઈ મગનભાઈ ચાવડા | ૮ | – | ૮ | |
| ૨૫ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૨૬ | શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૨૭ | ખાલી | – | – | – | |
| ૨૮ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૨૯ | શ્રી અશ્વિન કોટવાલ | ૪ | ૪ | ૮ | |
| ૩૦ | ડૉ. અનિલ જોષિયારા | ૮ | – | ૮ | |
| ૩૧ | શ્રી રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર | ૮ | – | ૮ | |
| ૩૨ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૮ | – | ૮ | |
| ૩૩ | શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા | ૮ | – | ૮ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪ | શ્રીમતી કામીનીબા ભુપેન્દ્રસિંહ રાઠોડ | ૫ | ૩ | ૮ | |
| ૩૫ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૮ | – | ૮ | |
| ૩૬ | શ્રી અશોકકુમાર રણછોડભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૩૭ | શ્રી અમિતભાઈ હરિસિંગભાઈ ચૌધરી | ૭ | ૧ | ૮ | |
| ૩૮ | શ્રી બળદેવજી ચંદુજી ઠાકોર | ૩ | ૫ | ૮ | |
| ૩૯ | ડૉ. તેજશ્રીબેન દિલીપકુમાર પટેલ | ૮ | – | ૮ | |
| ૪૦ | શ્રી કરમશીભાઈ વિરજીભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૪૧ | શ્રીમતી આનંદીબેન મફતલાલ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૨ | શ્રી કિશોરસિંહ બાબુલાલ ચૌહાણ | ૮ | – | ૮ | |
| ૪૩ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૪ | શ્રી રાકેશભાઈ જસવંતલાલ શાહ | ૮ | – | ૮ | |
| ૪૫ | શ્રી અમિત શાહ | ૧ | ૭ | ૮ | |
| ૪૬ | શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ પંચાલ | ૭ | ૧ | ૮ | |
| ૪૭ | ડૉ. નિર્મલાબેન સુનીલભાઈ વાધવાણી | ૮ | – | ૮ | |
| ૪૮ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડીયા | ૮ | – | ૮ | |
| ૪૯ | શ્રી જગરૂપસિંહ ગીરદાનસિંહ રાજપૂત | ૮ | – | ૮ | |
| ૫૦ | શ્રી હસમુખભાઈ સોમાભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૫૧ | શ્રી ગ્યાસુદ્દીન હબીબુદીન શેખ | ૫ | ૩ | ૮ | |
| ૫૨ | શ્રી ભૂષણ અશોક ભટ્ટ | ૮ | – | ૮ | |
| ૫૩ | શ્રી નરેન્દ્ર મોદી (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | |
| ૫૪ | શ્રી શૈલેષ મનુભાઈ પરમાર | ૮ | – | ૮ | |
| ૫૫ | શ્રી અરવિંદકુમાર ગાંડાલાલ પટેલ | ૮ | – | ૮ | |
| ૫૬ | શ્રી રજનીકાંત મોહનલાલ પટેલ | ૮ | – | ૮ | |
| ૫૭ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૮ | – | ૮ | |
| ૫૮ | શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૯ | શ્રી લાલજીભાઈ ચતુરભાઈ કોળીપટેલ | ૮ | – | ૮ | |
| ૬૦ | શ્રી પુનમભાઈ કાળાભાઈ મકવાણા | ૮ | – | ૮ | |
| ૬૧ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | ૭ | ૧ | ૮ | |
| ૬૨ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૮ | – | ૮ | |
| ૬૩ | શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ | ૭ | ૧ | ૮ | |
| ૬૪ | શ્રી જયંતિભાઈ રામજીભાઈ કવાડીયા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૬૫ | શ્રી કાંતિલાલ શીવલાલ અમૃતિયા | ૭ | ૧ | ૮ | |
| ૬૬ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયા | ૭ | ૧ | ૮ | |
| ૬૭ | શ્રી મહમદજાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૮ | – | ૮ | |
| ૬૮ | શ્રી ઈન્દ્રનિલભાઈ સંજયભાઈ રાજયગુરૂ | – | ૮ | ૮ | |
| ૬૯ | શ્રી વજુભાઈ રૂડાભાઈ વાળા (માન.અધ્યક્ષશ્રી) | – | – | – | |
| ૭૦ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૭૧ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૭ | ૧ | ૮ | |
| ૭૨ | શ્રી ભોળાભાઈ ભીખાભાઈ ગોહેલ | ૮ | – | ૮ | |
| ૭૩ | શ્રી જયરાજસિંહ ટેમુભા જાડેજા | – | ૮ | ૮ | |
| ૭૪ | શ્રી જયેશભાઈ વિ૦ઁલભાઈ રાદડીયા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૭૫ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માકડીયા | ૮ | – | ૮ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૬ | શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા | ૮ | – | ૮ | |
| ૭૭ | શ્રી રાઘવજી હંસરાજ પટેલ | ૨ | ૬ | ૮ | |
| ૭૮ | શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા જાડેજા | ૬ | ૨ | ૮ | |
| ૭૯ | પ્રો.વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૮૦ | શ્રી ચીમનભાઈ ધરમશીભાઈ શાપરીયા | ૮ | – | ૮ | |
| ૮૧ | પૂનમબેન હેમતભાઈ માડમ | ૪ | ૪ | ૮ | |
| ૮૨ | શ્રી પબુભા વિરમભા માણેક | ૫ | ૩ | ૮ | |
| ૮૩ | શ્રી બાબુભાઈ ભીમાભાઈ બોખીરીયા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૮૪ | શ્રી કાંધલ સરમણભાઈ જાડેજા | ૪ | ૪ | ૮ | |
| ૮૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૭ | ૧ | ૮ | |
| ૮૬ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૨ | ૬ | ૮ | |
| ૮૭ | ખાલી | – | – | – | |
| ૮૮ | શ્રી અરવીંદભાઈ કેશવભાઈ લાડાણી | ૮ | – | ૮ | |
| ૮૯ | શ્રી રાજેશભાઈ નારણભાઈ ચુડાસમા | ૭ | ૧ | ૮ | |
| ૯૦ | ખાલી | – | – | – | |
| ૯૧ | શ્રી જસુભાઈ ધાનાભાઈ બારડ | ૬ | ૨ | ૮ | |
| ૯૨ | શ્રી જેઠાભાઈ દાનાભાઈ સોલંકી | ૪ | ૪ | ૮ | |
| ૯૩ | શ્રી પુંજાભાઈ ભીમાભાઈ વંશ | ૮ | – | ૮ | |
| ૯૪ | શ્રી નલીનભાઈ નાનજીભાઈ કોટડીયા | ૮ | – | ૮ | |
| ૯૫ | શ્રી પરેશ ધાનાણી | ૭ | ૧ | ૮ | |
| ૯૬ | ખાલી | – | – | – | |
| ૯૭ | શ્રી વલ્લભભાઈ વશરામભાઈ વઘાસીયા | ૮ | – | ૮ | |
| ૯૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૭ | ૧ | ૮ | |
| ૯૯ | શ્રીમતી ભાવનાબેન રાઘવભાઈ મકવાણા | ૮ | – | ૮ | |
| ૧૦૦ | ડૉ.ભારતીબેન ધીરૂભાઈ શ્યાળ | ૮ | – | ૮ | |
| ૧૦૧ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૪ | ૪ | ૮ | |
| ૧૦૨ | શ્રી પ્રવીણભાઈ જીણાભાઈ રાઠોડ | ૭ | ૧ | ૮ | |
| ૧૦૩ | શ્રી પરસોતમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૪ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૮ | – | ૮ | |
| ૧૦૫ | શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી | ૮ | – | ૮ | |
| ૧૦૬ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર ( નાયબ મુખ્ય દંડકશ્રી) | – | – | – | |
| ૧૦૭. | ડૉ.ટી.ડી.માણીયા | ૮ | – | ૮ | |
| ૧૦૮ | શ્રી સંજયકુમાર રમણભાઈ પટેલ | ૭ | ૧ | ૮ | |
| ૧૦૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૫ | ૩ | ૮ | |
| ૧૧૦ | શ્રી અમીત ચાવડા | ૮ | – | ૮ | |
| ૧૧૧ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૧૨ | શ્રી દિલીપભાઈ મણીભાઈ પટેલ | ૩ | ૫ | ૮ | |
| ૧૧૩ | શ્રી નિરંજન પટેલ | ૮ | – | ૮ | |
| ૧૧૪ | શ્રી પૂનમભાઈ માધાભાઈ પરમાર | ૮ | – | ૮ | |
| ૧૧૫ | શ્રી દેવુસિંહ જેસીંગભાઈ ચૌહાણ | ૮ | – | ૮ | |
| ૧૧૬ | શ્રી પંકજ ભાઈ વિનુભાઈ દેસાઈ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | |
| ૧૧૭ | શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ ચૌહાણ | ૭ | ૧ | ૮ | |
| ૧૧૮ | શ્રી નટવરસિંહ ફુલસિંહ ઠાકોર | ૮ | – | ૮ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૯ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૮ | – | ૮ | |
| ૧૨૦ | શ્રી શંકરસિંહ વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી) | – | – | – | |
| ૧૨૧ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૮ | – | ૮ | |
| ૧૨૨ | પ્રો.હીરાભાઈ હરીભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૨૩ | શ્રી ગેંદાલભાઈ મોતીભાઈ ડામોર | ૮ | – | ૮ | |
| ૧૨૪ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૫ | ૩ | ૮ | |
| ૧૨૫ | નિમિષાબેન મનહરસિંહ સુથાર | ૮ | – | ૮ | |
| ૧૨૬ | શ્રી સી.કે. રાઉલજી | ૮ | – | ૮ | |
| ૧૨૭ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૭ | ૧ | ૮ | |
| ૧૨૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૨૯ | શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા | ૪ | ૪ | ૮ | |
| ૧૩૦ | ડૉ.મિતેશભાઈ કલાભાઈ ગરાસીયા | ૪ | ૪ | ૮ | |
| ૧૩૧ | શ્રી જસવંતસિંહ સુમનભાઈ ભાભોર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૩૨ | શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા | ૮ | – | ૮ | |
| ૧૩૩ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૮ | – | ૮ | |
| ૧૩૪ | શ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ | ૬ | ૨ | ૮ | |
| ૧૩૫ | શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર | ૬ | ૨ | ૮ | |
| ૧૩૬ | શ્રી મધુભાઈ બાબુભાઈ શ્રીવાસ્તવ | ૫ | ૩ | ૮ | |
| ૧૩૭ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૮ | – | ૮ | |
| ૧૩૮ | શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા | ૮ | – | ૮ | |
| ૧૩૯ | શ્રી ધીરૂભાઈ ચુનીલાલ ભીલ | ૮ | – | ૮ | |
| ૧૪૦ | શ્રી બાલકૃષ્ણભાઈ નારણભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૪૧ | શ્રીમતી મનીષા રાજીવભાઈ વકીલ | ૮ | – | ૮ | |
| ૧૪૨ | શ્રી જીતેન્દ્ર રતીલાલ સુખડીઆ | ૮ | – | ૮ | |
| ૧૪૩ | શ્રી સૌરભ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૪૪ | શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી | ૮ | – | ૮ | |
| ૧૪૫ | શ્રી યોગેશ પટેલ. | – | ૮ | ૮ | |
| ૧૪૬ | શ્રી દિનેશભાઈ બાલુભાઈ પટેલ | – | ૮ | ૮ | |
| ૧૪૭ | શ્રી સતીષભાઈ મોતીભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૪૮ | શ્રી શબ્દશરણ ભાઈલાલભાઈ તડવી | ૭ | ૧ | ૮ | |
| ૧૪૯ | શ્રી મોતીલાલ પુનીયાભાઈ વસાવા | ૬ | ૨ | ૮ | |
| ૧૫૦ | શ્રી છત્રસિંહજી પૂજાભાઈ મોરી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૫૧ | શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા | ૬ | ૨ | ૮ | |
| ૧૫૨ | શ્રી છોટુભાઈ અમરસિંહ વસાવા | – | ૮ | ૮ | |
| ૧૫૩ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૬ | ૨ | ૮ | |
| ૧૫૪ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૫૫ | મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૫૬ | શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૫૭ | શ્રી પ્રભુભાઈ નાગરભાઈ વસાવા | ૨ | ૨ | ૪ | રાજીનામુ (૨૪/૨/૨૦૧૪) બપોર પછી |
| ૧૫૮ | શ્રી પ્રફુલભાઈ છગનભાઈ પાનશેરીયા | ૮ | – | ૮ | |
| ૧૫૯ | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગીલીટવાલા | ૮ | – | ૮ | |
| ૧૬૦ | શ્રી અજયકુમાર જશવંતલાલ ચોકસી | ૭ | ૧ | ૮ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬૧ | શ્રી કિશોરભાઈ શિવાભાઈ કાનાણી | ૮ | – | ૮ | |
| ૧૬૨ | શ્રી જનકભાઈ મનજીભાઈ કાછડીયા | ૮ | – | ૮ | |
| ૧૬૩ | શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઈ પાટીલ | ૭ | ૧ | ૮ | |
| ૧૬૪ | શ્રી નરોત્તમભાઈ પટેલ | ૭ | ૧ | ૮ | |
| ૧૬૫ | શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી | ૬ | ૨ | ૮ | |
| ૧૬૬ | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૬૭ | શ્રી પૂર્ણેશકુમાર ઈશ્વરલાલ મોદી | ૮ | – | ૮ | |
| ૧૬૮ | શ્રી રાજેન્દ્રભાઈ પરભુભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૬૯ | શ્રી ઈશ્વરભાઈ રમણભાઈ પરમાર | ૮ | – | ૮ | |
| ૧૭૦ | શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડીયા | ૮ | – | ૮ | |
| ૧૭૧ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૭ | ૧ | ૮ | |
| ૧૭૨ | શ્રી કાંતીલાલભાઈ રેશ્માભાઈ ગામીત | ૫ | ૩ | ૮ | |
| ૧૭૩ | શ્રી મંગળભાઈ ગંગાજીભાઈ ગાવિત | ૨ | ૬ | ૮ | |
| ૧૭૪ | શ્રી આર.સી પટેલ (દંડકશ્રી) | – | – | – | |
| ૧૭૫ | શ્રી પિયુષભાઈ દિનકરભાઈ દેસાઈ | ૮ | – | ૮ | |
| ૧૭૬ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ (ઉપાધ્યક્ષ) | – | – | – | |
| ૧૭૭ | શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ૭ | ૧ | ૮ | |
| ૧૭૮ | શ્રી ઈશ્વરભાઈ ઢેડાભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૭૯ | શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ | ૮ | – | ૮ | |
| ૧૮૦ | શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ | ૮ | – | ૮ | |
| ૧૮૧ | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ૭ | ૧ | ૮ | |
| ૧૮૨ | શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર | ૮ | – | ૮ | |
| | કુલ | ૧૦૧૧ | ૧૭૧ | ૧૧૮૨ | |

**પત્રક ક્રમાંક :–૪**

**(જુઓ ફકરા ક્રમાંક ૩ )**

**સભ્યશ્રીઓની તારીખવાર હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, મુખ્ય દંડકશ્રી ,નાયબ મુખ્ય દંડકશ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦/૨/૨૦૧૪ | ૧૩૪ | ૧૫ | ૧૪૯ |
| ૨ | ૨૧/૨/૨૦૧૪ | ૧૩૫ | ૧૪ | ૧૪૯ |
| ૩ | ૨૪/૨/૨૦૧૪ | ૧૨૯ | ૧૯ | ૧૪૮ |
| ૪ | ૨૪/૨/૨૦૧૪ | ૧૨૩ | ૨૫ | ૧૪૮ |
| ૫ | ૨૫/૨/૨૦૧૪ | ૧૩૨ | ૧૫ | ૧૪૭ |
| ૬ | ૨૫/૨/૨૦૧૪ | ૧૨૧ | ૨૬ | ૧૪૭ |
| ૭ | ૨૬/૨/૨૦૧૪ | ૧૨૫ | ૨૨ | ૧૪૭ |
| ૮ | ૨૬/૨/૨૦૧૪ | ૧૧૨ | ૩૫ | ૧૪૭ |
| | કુલ | ૧૦૧૧ | ૧૭૧ | ૧૧૮૨ |
| | | | | |

# પત્રક ક્રમાંક :–૫

## (જુઓ ફકરા ક્રમાંક:–૫)

## <u>ટૂંકી મુદતના, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં)</u>

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચના | દાખલ કર્યા | દાખલ ન કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત પ્રશ્ન | ટૂંકી મુદતમાંથી અતારાંકિત પ્રશ્ન | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ | સભ્યશ્રીએ પ્રશ્ન પાછા ખેંચી લીધા/મુદત બહારની સૂચના | અગાઉના સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલ અતારાંકિત પ્રશ્ન | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબ આપવા મંત્રીશ્રી અસંમત તથા રદ થયા | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | સમયના અભાવે પ્રશ્નો ચર્ચાયા નહીં | નિયમ–૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રી મંત્રીશ્રી/સંસદ સભ્યશ્રી બનતાં/અવસાન થતાં પ્રશ્નો રદ થયા | સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન મળવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો | મંત્રીશ્રીની વિનંતીથી રદ કરેલા પ્રશ્નો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ટૂંકી મુદતના પ્રશ્નો | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૮૧ | * ૮૬૫ | ૩૬૯ | - | - | ૧૧ | ૧૦ | - | ૪૦ | - | - | - | - | - | - | - | ૨૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૦૬ | ૨૬૩ | ૧૨૧ | - | - | ૧૧ | ૧ | ૩૯૮ | ★★ ૨૩૪ | - | - | - | - | ૯૩ | - | ૧૮૧ | ૧૦ |
| અરધા કલાકની ચર્ચાના પ્રશ્નો | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |

*** સભ્યશ્રીનું અવસાન થતાં <u>૪</u> અને સભ્યશ્રીઓએ રાજીનામું આપતાં <u>૧૯</u> એમ કુલ <u>૨૩</u> રદ કરેલા તારાંકિત પ્રશ્નોનો સમાવેશ થાય છે.**

**** સભ્યશ્રીએ રાજીનામું આપતાં <u>૧૬</u> અતારાંકિત પ્રશ્નો રદ થયા.**

**પત્રક ક્રમાંક :–૬**

**(જુઓ ફકરા ક્રમાંક :–૫)**

## ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | મંત્રીશ્રી સંમત | મંત્રીશ્રી અસંમત | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | ગૃહમાં રજૂ થયા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | મહેસુલ વિભાગ | ૧ | – | – | – | ૧ | – | – | – | – | – |
| કુલ | | ૧ | – | – | – | ૧ | – | – | – | – | – |

## પત્રક ક્રમાંક :–૭
## (જુઓ ફકરા ક્રમાંક :–૫)
## તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | તારાંકિત દાખલ | ટૂંકી મુદતમાંથી અતારાંકિત કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત કર્યા | દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | પ્રશ્નો પાછા ખેંચ્યા | પ્રશ્નો રદ કર્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૮ | ૬ | - | - | ૨ | - | - | - | - | - |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૦૨ | ૮૨ | - | - | ૨૦ | - | ૪ | - | - | - |
| ૩ | શિક્ષણ વિભાગ | ૫૩ | ૩૫ | - | - | ૧૭ | - | ૧ | - | - | ૧ |
| ૪ | નાણા વિભાગ | ૪૭ | ૨૨ | - | | ૨૩ | - | ૨ | - | - | ૨ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૪૧ | ૧૮ | - | - | ૧૩ | - | - | - | ૯ | ૧ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૬૮ | ૫૦ | - | - | ૧૬ | - | ૨ | - | ૧ | ૧ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૮૭ | ૬૪ | - | - | ૨૩ | - | ૨ | - | - | - |
| ૮ | ગૃહ વિભાગ | ૭૧ | ૪૦ | - | - | ૨૯ | - | ૧ | - | - | ૨ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૮૬ | ૫૩ | - | ૧ | ૨૪ | - | ૪ | - | - | ૮ |
| ૧૦ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૩ | - | - | ૧ | ૨ | - | - | - | - | - |
| ૧૧ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૯ | ૨૬ | - | ૧ | ૨ | - | - | - | - | - |
| ૧૨ | કાયદા વિભાગ | ૨૨ | ૨૧ | - | - | ૧ | - | - | - | - | - |
| ૧૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૫૧ | ૧૧૩ | - | - | ૩૮ | - | ૪ | - | - | - |
| ૧૪ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને | ૬૪ | ૪૮ | - | - | ૧૫ | - | ૩ | - | - | ૧ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગ્રામ વિકાસ વિભાગ | | | | | | | | | | |
| **૧૫** | **મહેસૂલ વિભાગ** | ૫૩ | ૨૫ | - | - | ૨૫ | - | ૨ | - | - | ૩ |
| **૧૬** | **માર્ગ અને મકાન વિભાગ** | ૬૯ | ૪૯ | - | - | ૧૯ | - | ૨ | - | - | ૧ |
| **૧૭** | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ** | ૬૧ | ૩૯ | - | ૧ | ૨૧ | - | ૨ | - | - | - |
| **૧૮** | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** | ૩૯ | ૨૪ | - | - | ૧૪ | - | ૩ | - | - | ૧ |
| **૧૯** | **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ** | ૧૮ | ૧૩ | - | - | ૫ | - | ૪ | - | - | - |
| **૨૦** | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ** | ૭૧ | ૪૫ | - | - | ૨૬ | - | - | - | - | - |
| **૨૧** | **વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ** | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - |
| **૨૨** | **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ** | ૩૪ | ૧૨ | - | - | ૨૨ | - | ૧ | - | - | - |
| **૨૩** | **મહિલા અને બાળવિકાસ વિભાગ** | ૫૯ | ૪૮ | - | - | ૬ | - | ૧ | - | - | ૫ |
| **૨૪** | **આદિજાતિ વિકાસ વિભાગ** | ૩૮ | ૨૯ | - | ૭ | ૨ | - | ૨ | - | - | - |
| **૨૫** | **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ** | ૬ | ૨ | - | - | ૪ | - | - | - | - | - |
| **૨૬** | **ક્લાઈમેન્ટ ચેન્જ વિભાગ** | - | - | - | - | - | - | - | - | - | - |
| **કુલ** | | **૧૨૮૧** | ***૮૬૫** | **-** | **૧૧** | **૩૬૯** | **-** | **૪૦** | **-** | **૧૦** | **૨૬** |

* સભ્યશ્રીનું અવસાન થતાં **૪** અને સભ્યશ્રીઓએ રાજીનામું આપતાં **૧૯** એમ **કુલ ૨૩** રદ કરેલા તારાંકિત પ્રશ્નોનો સમાવેશ થાય છે.

## પત્રક ક્રમાંક :–૮
## (જુઓ ફકરા ક્રમાંક :–૫ )
## અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | અગાઉના સત્ર દરમિયાન દાખલ કરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન આવવાથી રજૂ ન થયા | દાખલ ન કર્યા | પ્રશ્નો રદ કર્યા | પ્રશ્નો પાછા ખેંચ્યા | ગુહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | નિયમ ૮૭(ક) અન્વયે ગૃહમાં મેજ ઉપર મુકાયા | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૭ | ૨ | - | - | ૬ | ૫ | - | - | ૧ | - | - | ૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૧ | ૬ | - | - | ૧૨ | ૫ | - | - | ૧૬ | - | ૧ | ૧ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૩ | ૨૦ | - | - | ૧૭ | ૩ | - | - | ૭ | - | ૭ | ૧૮ |
| ૪ | નાણા વિભાગ | ૨ | ૧ | - | - | ૪ | ૧ | - | - | ૩ | - | - | - |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૯ | ૮ | - | - | ૧ | ૧ | - | - | ૪ | - | ૨ | ૩ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૨ | ૨૬ | - | - | ૧૮ | ૫ | ૧ | - | ૧૭ | - | ૫ | ૧૧ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૪ | ૧૯ | - | - | ૧૦ | ૧૫ | - | - | ૭ | - | ૧૨ | ૬ |
| ૮ | ગૃહ વિભાગ | ૭૨ | ૩૭ | - | - | ૯૭ | ૨૬ | ૮ | ૧ | ૬૧ | - | ૩૨ | ૧૬ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૯ | ૧૭ | ૧ | - | ૪ | ૧ | - | - | ૧૧ | - | ૫ | ૩ |
| ૧૦ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૧ | શ્રમ અને રોજગાર વિભાગ | ૫ | ૪ | ૧ | - | - | - | - | - | ૫ | - | ૧ | ૨ |
| ૧૨ | કાયદા વિભાગ | ૫ | ૫ | - | - | ૧ | - | - | - | ૧ | - | - | ૪ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૦ | ૧૭ | - | - | ૩ | ૩ | - | - | ૫ | - | ૧ | ૧૧ |
| ૧૪ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૨ | ૩૬ | - | - | ૩૪ | ૩૬ | - | - | ૨૩ | - | ૩ | ૩૩ |
| ૧૫ | મહેસૂલ વિભાગ | ૫૧ | ૪૩ | - | - | ૧૧૮ | ૮ | - | - | ૪૨ | - | ૧૨ | ૪૪ |
| ૧૬ | માર્ગ અને મકાન વિભાગ | ૭ | ૪ | - | - | ૫ | ૨ | ૧ | - | ૪ | - | ૨ | ૩ |
| ૧૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૮ | ૬ | ૧ | - | ૧ | ૧ | - | - | ૮ | - | ૧ | ૨ |
| ૧૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૩ | ૨ | - | - | ૯ | ૧ | - | - | ૫ | - | ૩ | ૩ |
| ૧૯ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - | ૧ | - | ૧ | - |
| ૨૦ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૮ | ૪ | - | - | ૧૩ | ૪ | - | - | ૫ | - | ૧ | ૫ |
| ૨૧ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ૨ | ૧ | - | - | - | ૧ | - | - | ૧ | - | - | - |
| ૨૨ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૩ | ૧ | - | - | ૩ | ૨ | - | - | ૩ | - | - | - |
| ૨૩ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૨ | ૨ | - | - | ૩૫ | - | - | - | ૪ | - | - | ૫ |
| ૨૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૯ | ૧ | ૭ | - | ૬ | ૧ | - | - | - | - | ૪ | ૮ |
| ૨૫ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨૬ | ક્લાઈમેન્ટ ચેન્જ વિભાગ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| કુલ | | ૪૦૬ | ૨૬૩ | ૧૧ | - | ૩૯૮ | ૧૨૧ | ૧૦ | ૧ | *૨૩૪ | - | ૯૩ | ૧૮૧ |

*** સભ્યશ્રીએ રાજીનામું આપતાં કુલ ૧૬ અતારાંકિત પ્રશ્નો રદ થયા.**

**પત્રક ક્રમાંક :–૯**

**(જુઓ ફકરા ક્રમાંક :–૫ )**

**જુદા જુદા મંત્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી.**

**જૂથ–૧**

| તારીખ | કુલ દાખલ તારાંકિત પ્રશ્ન | ગૃહમાં મૌખિક જવાબ આપેલ પ્રશ્ન | મુ. મં.શ્રી સા.વ. વ.સુ.તા | | મુ. મં. શ્રી ઉદ્યોગ | | મુ. મં. શ્રી ગૃહ | | મુ.મં.શ્રી કલાઈમેટ ચેન્જ | | મુ. મં. શ્રી બંદરો | | મુ. મં. શ્રી માહિતી અને પ્રસારણ | | મુ. મં. શ્રી નર્મદા | | મુ. મં. શ્રી કલ્પસર | | મુ.મં.શ્રી સાયન્સ અને ટેકનોલોજી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૨૧–૨–૧૪ | ૨૫૭ | ૯ | ૩ | - | ૧૩ | - | ૪૦ | ૧ | - | - | ૪ | - | - | - | ૧૮ | - | - | - | ૨ | - |

| જળસંપત્તિ (કલ્પસર સિવાય ) પાણી પુરવઠો મંત્રીશ્રી | | કૃષિ,સહકાર પશુપાલન, મત્સ્યોધ્યોગ અને ગૌસવર્ધન મંત્રીશ્રી | |
|---|---|---|---|
| દા. | મૌ. | દા. | મૌ. |
| ૯૫ | ૪ | ૮૨ | ૪ |

**નોંધઃ–** સભ્યશ્રીએ રાજીનામું આપતાં <u>**3**</u> તારાંકિત પ્રશ્નો રદ થયા.

# જૂથ–૨

| તારીખ | કુલ દાખલ તારાંકિત પ્રશ્ન | ગૃહમાં મૌખિક જવાબ આપેલ પ્રશ્ન | નાણા મંત્રીશ્રી | | આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ મંત્રીશ્રી | | વાહન વ્યવહાર મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૨૪–૨–૧૪ | ૨૧૬ | ૯ | ૨૨ | ૨ | ૬૪ | ૨ | ૮ | ૧ |

| શિક્ષણ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી | | કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી | | અન્ન અને નાગરિક પૂરવઠો ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી | | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|---|
| દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૩૫ | ૧ | ૨૧ | - | ૧૮ | - | ૪૮ | ૩ |

**નોંધઃ–** સભ્યશ્રીઓએ રાજીનામું આપતા ૩ તારાંકિત પ્રશ્નો રદ થયા.

# જૂથ–૩

| તારીખ | કુલ દાખલ તારાંકિત પ્રશ્ન | ગૃહમાં મૌખિક જવાબ આપેલ પ્રશ્ન | મહેસૂલ, દુષ્કાળરાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનઃનિર્માણ મંત્રીશ્રી | | માર્ગ અને મકાન અને પાટનગર યોજના મંત્રીશ્રી | | શહેરીવિકાસ, શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૨૫–૨–૧૪ | ૨૧૨ | ૧૧ | ૨૫ | ૨ | ૪૯ | ૨ | ૨૪ | ૩ |

| ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી | | ખાણખનિજ, કુટિરઉદ્યોગ, પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી | | આયોજન મંત્રીશ્રી | | શ્રમ અને રોજગાર મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|---|
| દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૪૫ | - | ૪૦ | ૪ | ૩ | - | ૨૬ | - |

**નોંધઃ–** સભ્યશ્રીઓએ રાજીનામું આપતાં **૭** તારાંકિત પ્રશ્નો ૨૬ થયા.

# જૂથ–૪

| તારીખ | કુલ દાખલ તારાંકિત પ્રશ્ન | ગૃહમાં મૌખિક જવાબ આપેલ પ્રશ્ન | સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી | | રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી | | વન અને પર્યાવરણ મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૨૬–૨–૧૪ | ૧૮૦ | ૧૧ | ૩૯ | ૨ | ૧૩ | ૪ | ૫૦ | ૨ |

| આદિજાતિ વિકાસ મંત્રીશ્રી | | મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી | | વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી | |
|---|---|---|---|---|---|
| દા. | મૌ. | દા. | મૌ. | દા. | મૌ. |
| ૨૯ | ૨ | ૪૮ | ૧ | ૧ | - |

**નોંધઃ-** સભ્યશ્રી**ઓ**એ રાજીનામું આપતાં **૬** તારાંકિત પ્રશ્નો ૨૬ થયા.

**પત્રક ક્રમાંક : ૧૦**
**(જુઓ ફકરા ક્રમાંક : ૭ (૧) )**
**દાખલ કરવાના સરકારી વિધેયકો**

| અ.નં<br>૧ | વિધેયકની ટૂંકી સંજ્ઞા<br>૨ | વિભાગ<br>૩ | પ્રભારી મંત્રીશ્રી<br>૪ | દાખલ થયા તારીખ<br>૫ |
|---|---|---|---|---|
| ૧ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક | શિક્ષણ | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | ૨૫/૦૨/૨૦૧૪ |
| ૨ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૪નું ગુજરાત અધિનિયમો ૨દ કરવા બાબત વિધેયક | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ | શ્રીમતી આનંદીબેન પટેલ | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૩ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક | નાણા | શ્રી નીતિનભાઈ પટેલ | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૪ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૪નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | નાણા | શ્રી નીતિનભાઈ પટેલ | ૨૬/૦૨/૨૦૧૪ |

**પત્રક ક્રમાંક : ૧૧**

**(જુઓ ફકરા ક્રમાંક : ૭ (૨) )**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો**

| અ.નં | વિધેયકનો નંબર અને સંજ્ઞા | ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ | સંબંધિત વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | દાખલ થયા તારીખ | પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક | ૧૪/૨/૨૦૧૪ | શિક્ષણ | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | ૨૫/૦૨/૨૦૧૪ | ૨૫/૦૨/૨૦૧૪ | ૨૫/૦૨/૨૦૧૪ | ૨૫/૦૨/૨૦૧૪ | – | – | – | વિધેયક પસાર કરવામાં આવ્યું |
| ૨ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૪નું ગુજરાત અધિનિયમો રદ કરવા બાબત વિધેયક | ૧૯/૨/૨૦૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ | શ્રીમતી આનંદીબેન પટેલ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | – | – | – | વિધેયક પસાર કરવામાં આવ્યું |
| ૩ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક | ૨૫/૨/૨૦૧૪ | નાણા | શ્રી નીતિનભાઈ પટેલ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | – | – | – | વિધેયક પસાર કરવામાં આવ્યું |
| ૪ | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૪નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક | ૨૬/૨/૨૦૧૪ | નાણા | શ્રી નીતિનભાઈ પટેલ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | ૨૬/૦૨/૨૦૧૪ | – | – | – | વિધેયક પસાર કરવામાં આવ્યું |

**પત્રક ક્રમાંક : ૧૨**
**(જુઓ ફકરા ક્રમાંક : ૮)**
**રાષ્ટ્રપતિ / રાજયપાલશ્રીની અનુમતિ મળેલ વિધેયક**

| વિધેયક<br>૧. | અનુમતિ મળ્યા તારીખ<br>૨. | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ<br>૩. | કોની અનુમતિ મળી છે<br>૪. |
|---|---|---|---|
| સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૦૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થાસેવા ટ્રિબ્યુનલ વિધેયક | ૧૮/૧૦/૨૦૧૩ | ૨૧/૨/૨૦૧૪ | રાષ્ટ્રપતિશ્રી |

**પત્રક ક્રમાંકઃ–૧૩**
**(જુઓ ફકરા ક્રમાંકઃ– ૯ ૨(ખ) )**
**સન ૨૦૧૩–૧૪ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ**

| અ.નં | ચર્ચાની તારીખ | ચર્ચાયેલી માગણી | સંબંધિત વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | | માગણીની રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ |
| ૧ | ૨૬–૨– ૨૦૧૪ | ૫ | કૃષિ અને સહકાર વિભાગ | સહકાર મંત્રીશ્રી | મહેસૂલ | ૧,૪૪,૪૬,૩૭,૦૦૦ |
| | | | | | મૂડી | ૨,૭૨,૬૧,૦૦૦ |
| ૨ | –"– | ૧૩ | ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ | ઉર્જા મંત્રીશ્રી | મૂડી | ૩,૯૯,૯૯,૯૯,૦૦૦ |
| ૩ | –"– | ૩૯ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | આરોગ્ય મંત્રીશ્રી | મહેસૂલ | ૨૮,૧૧,૪૦,૦૦૦ |
| ૪ | –"– | ૪૪ | ગૃહ વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૨૫,૨૨,૧૧,૦૦૦ |
| ૫ | –"– | ૫૪ | માહિતી અને પ્રસારણ વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૩૬,૨૫,૦૦,૦૦૦ |
| ૬ | –"– | ૫૭ | શ્રમ અને રોજગાર વિભાગ | શ્રમ અને રોજગાર મંત્રીશ્રી | મૂડી | ૩૭,૭૫,૦૦,૦૦૦ |
| ૭ | –"– | ૭૪ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | વાહન વ્યવહાર મંત્રીશ્રી | મહેસૂલ | ૫૦,૭૫,૨૨,૦૦૦ |
| | | | | | મૂડી | ૩,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૮ | –"– | ૮૫ | માર્ગ અને મકાન વિભાગ | માર્ગ અને મકાન મંત્રીશ્રી | મહેસૂલ | ૨,૫૭,૮૪,૦૦૦ |
| ૯ | –"– | ૮૯ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૧૪,૯૬,૯૯,૦૦૦ |
| ૧૦ | –"– | ૧૦૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી | મહેસૂલ | ૧,૫૭,૪૪,૮૦,૦૦૦ |

**પત્રક ક્રમાંકઃ–૧૪**
**(જુઓ ફકરા ક્રમાંકઃ– ૧૧)**
**ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧)**

| મળેલ સૂચનાઓની સંખ્યા | દાખલ કરેલ સૂચનાઓ | દાખલ કરેલ સૂચનાનો વિષય ટૂંકમાં | | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ |
| ૨૫ | ૨૪ | ૧ | વીજ શુલ્કમાં સંપૂર્ણ માફી આપવા અંગે | શ્રી શૈલેશ પરમાર | – | કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવેલ ન હોવાથી ચર્ચા માટે હાથ ધરી શકાયો નહિ. |
| | | ૨ | ખાનગી વીજ કંપનીઓનું ઓડીટ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક પાસે કરાવવા અંગે | શ્રી જશુભાઈ બારડ | – | –"– |
| | | ૩ | ભાલ પ્રદેશમાં થતા ઔધોગિકીકરણને અટકાવવા અંગે | ડૉ. તેજશ્રીબેન પટેલ | – | –"– |
| | | ૪ | નર્મદા યોજનાનું પાણી પીવા તથા ખેતી માટે પૂરતા પ્રમાણમાં આપવા અંગે | –"– | – | –"– |
| | | ૫ | શિક્ષણમાં સેમેસ્ટર પધ્ધતિ રદ કરવા બાબત | –"– | – | –"– |
| | | ૬ | રાંધણ ગેસના ભાવ વધારા અંગે | –"– | – | –"– |
| | | ૭ | નર્મદા યોજના અન્વયે કેનાલોના કામ પૂરા કરવા અંગે | –"– | – | –"– |
| | | ૮ | ગુજરાતના હવાઈમથકોના નામ મહાનુભાવો સાથે જોડવા અંગે | શ્રીમતી વિભાવરીબેન દવે | – | –"– |
| | | ૯ | વાઈબ્રન્ટ તાલુકા અંગે | શ્રી શંકરભાઈ ચૌધરી | – | –"– |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૧૦ | શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અને ગુણોત્સવને પ્રોત્સાહન આપવા બાબત | શ્રીમતી વર્ષાબેન દોશી | – | –"– |
| | | ૧૧ | ગરીબ કલ્યાણ મેળા બાબત | શ્રી પુનમભાઈ મકવાણા | – | –"– |
| | | ૧૨ | 'વાંચે ગુજરાત' અભિયાન અંગે | શ્રી જગદીશભાઈ પંચાલ | – | –"– |
| | | ૧૩ | ખેલ મહાકુંભ અંગે | શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી | – | –"– |
| | | ૧૪ | શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ અંગે | ડૉ. નિમાબેન આચાર્ય | – | –"– |
| | | ૧૫ | મિશન મંગલમ યોજના અંગે | શ્રીમતી મનિષાબેન વકીલ | – | –"– |
| | | ૧૬ | વનબંધુ કલ્યાણ યોજના અંગે | શ્રી બચુભાઈ ખાબડ | – | –"– |
| | | ૧૭ | અમૃતમ–મા યોજના અંગે | ડૉ. નિર્મલાબેન વાધવાણી | – | –"– |
| | | ૧૮ | સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટ અંગે | શ્રી દેવુસિંહ ચૌહાણ | – | –"– |
| | | ૧૯ | નેશનલ એજયુકેશન સમિટ અંગે | શ્રી ભૂષણ ભટ્ટ | – | –"– |
| | | ૨૦ | મુખ્યમંત્રી ગૃહ યોજના | શ્રી પૂર્ણેશ મોદી | – | –"– |
| | | ૨૧ | મા અંબાના ધામ અંગે | શ્રી ઋષિકેશ પટેલ | – | –"– |
| | | ૨૨ | સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની હાડમારી અંગે | શ્રી બલવંતસિંહ રાજપૂત | – | –"– |
| | | ૨૩ | રાજયના ઉધોગોના વિકાસમાં બેરોજગાર યુવાનોને રોજગારી આપવા અંગે | –"– | – | –"– |
| | | ૨૪ | કૃષિ સમિટ અંગે | | | |

**પત્રક ક્રમાંકઃ–૧૫**
**(જુઓ ફકરા ક્રમાંકઃ–૧૩)**
**ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ–૧૧૬)**

| **મળેલ સૂચનાઓની સંખ્યા** | **દાખલ કરલે સૂચનાઓ** | **દાખલ કરેલ સૂચનાનો વિષય ટૂકમાં** | **સૂચના આપનાર સભ્યશ્રીનું નામ** | **બાબત પર ધ્યાન દોર્યા તારીખ** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | ૩ | ૪ | **૫** |
| **૪** | **૪(એકત્રિત કરતાં–૧)** | ૧ તાજેતરમાં યોજાયેલ તલાટીની પરિક્ષાઓ માટે થયેલ અવ્યવસ્થા તથા ગેરરીતિ બાબત. | શ્રી શૈલેષ પરમાર (બલવંતસિંહ રાજપૂત , જશુભાઈ બારડ અને પુંજાભાઈ વંશ) | **નિવેદન થયું ૨૧–૨–૨૦૧૪** |

**પત્રક ક્રમાંકઃ–૧૬**
**(જુઓ ફકરા ક્રમાંકઃ–૧૪)**
**જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ – ૪૪)**

| અ.નં. | નિવેદનનો વિષય ટૂંકમાં | નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ | નિવેદન કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જુદા જુદા વ્યવસાયોમાં લઘુતમદરમાં વધારો કરવા અંગે | શ્રી સૌરભ પટેલ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી | ૨૪–૨–૧૪ |
| ૨ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની આવક મર્યાદામાં વધારો કરવા અંગે. | શ્રી રમણલાલ વોરા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મંત્રીશ્રી | ૨૬–૨–૧૪ |
| ૩ | ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ચલાવાતા છાત્રાલયોમાં કર્મચારીઓના વેતનમાં વધારો કરવા અંગે. | –"– | –"– |
| ૪ | ગુજરાત વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમની અલગ રચના કરવા બાબત. | –"– | –"– |

**પત્રક ક્રમાંક : ૧૭**

**(જુઓ ફકરા ક્રમાંક : ૧૫)**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો**

| અ.નં.<br>૧. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા<br>૨. | વિભાગ<br>૩. | પ્રભારી સભ્યશ્રી<br>૪. | શેરો<br>૫. |
|---|---|---|---|---|
| ૧. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૩નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક. | ગૃહ | શ્રી પુનમભાઈ મકવાણા | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૨. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક. | શ્રમ અને રોજગાર | શ્રી બલવંતસિંહ રાજપૂત | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૩. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૩નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક. | વન અને પર્યાવરણ | શ્રી અશોકકુમાર પટેલ | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૪. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૩નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક. | ગૃહ | શ્રી મહંમદજાવેદ પીરઝાદા | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહી. |

**પત્રક ક્રમાંક : ૧૮**

**(જુઓ ફકરા ક્રમાંક : ૧૫ં)**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બાકી રહેતા બિન સરકારી વિધેયકો**

| અ.નં. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી સભ્યશ્રી | શેરો |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક. | નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર | શ્રી રાજેન્દ્ર ત્રિવેદી | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૨. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૩નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક. | ગૃહ | શ્રી પુનમભાઈ મકવાણા | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૩. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૩નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક. | વન અને પર્યાવરણ | શ્રી અશોકકુમાર પટેલ | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૪. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૩નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક. | ગૃહ | શ્રી મહંમદજાવેદ પીરઝાદા | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૫. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક. | શ્રમ અને રોજગાર | શ્રી બલવંતસિંહ રાજપૂત | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૬. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક. | કૃષિ અને સહકાર | શ્રી બલવંતસિંહ રાજપૂત | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહી. |
| ૭. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદુષણ (અટકાવવા) બાબત વિધેયક | વન અને પર્યાવરણ | શ્રી પિયુષભાઈ દેસાઈ | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહી. |

**પત્રક ક્રમાંક : ૧૯**
**(જુઓ ફકરા ક્રમાંક : ૨૨)**
**વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

| **અ.નં.** | **વિગત** | **સભાગૃહના મેજ ઉપર મૂક્યા તારીખ** |
|---|---|---|
| ૧ | ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૨ | ગુજરાત પ્રવાસ વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૩ | ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૪ | ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૫ | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૬ અને ૭ | સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતનો સન ૨૦૧૨–૨૦૧૩ નો વાર્ષિક વહીવટી અહેવાલ અને સન ૨૦૧૦–૨૦૧૧નો ઓડિટ અહેવાલ તથા આ ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૮ | ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૨૧/૦૨/૨૦૧૪ |

| | | |
|---|---|---|
| ૯ | ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ અને ઓડિટ અહેવાલ | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૧૦ | આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૧૧ | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૧૨ | સુરત સર્કલમાં ગેરકાયદેસર વૃક્ષ છેદન અંગેના ઈન્વેસ્ટીગેશન કેસ નં.૧/૧૯૯૭ અંગે લોકાયુકત, ગુજરાત રાજયનો તપાસ અહેવાલ | ૨૧/૦૨/૨૦૧૪ |
| ૧૩ | ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૧૪ | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૧૫ અને ૧૬ | ગુજરાત વૃધ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯ તથા સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૧૭ | ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૧૮ | ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૧૯ | ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ | ૨૪/૦૨/૨૦૧૪ |

| | | |
|---|---|---|
| ૨૦ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર અને ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષનું અંદાજપત્ર | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૨૧ | અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૨૨ | ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૨૩ | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૨૪ | નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન, તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૪/૦૨/૨૦૧૪ |
| ૨૫ | ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઈડ  સાયન્સીસ કંપનીનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૫/૦૨/૨૦૧૪ |
| ૨૬ | ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫/૦૨/૨૦૧૪ |
| ૨૭ | ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫/૦૨/૨૦૧૪ |
| ૨૮ | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫/૦૨/૨૦૧૪ |
| ૨૯ | ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૫/૦૨/૨૦૧૪ |
| ૩૦ | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓની સ્પષ્ટીકરણાત્મક યાદી | ૨૫/૦૨/૨૦૧૪ |

| | | |
|---|---|---|
| ૩૧ | ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર | ૨૫/૦૨/૨૦૧૪ |
| ૩૨ | ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૫/૦૨/૨૦૧૪ |
| ૩૩ | ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઈડ સાયન્સીસ કંપનીનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૩૪ | ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૩૫ | ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૨–૨૦૧૩ ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા આ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૩૬ | વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૩૩ | ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઈડ સાયન્સીસ કંપનીનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૩૪ | ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૩૫ | ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૨–૨૦૧૩ ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા આ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૬/૦૨/૨૦૧૪ |
| ૩૬ | વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૬/૦૨/૨૦૧૪ |

**પત્રક ક્રમાંક : ૨૦**
**(જુઓ ફકરા ક્રમાંક : ૨૪)**
**ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી**
**ફેબ્રુઆરી–૨૦૧૪**

| | |
|---|---|
| **ગુરૂવાર, તા. ૨૦મી** | **(૧) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજુઆત**<br>માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો.<br>**(૨) શોક દર્શક ઉલ્લેખો**<br>ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી સ્વ.શ્રી વાઘજીભાઈ ધરમશીભાઈ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મોતીભાઈ માવજીભાઈ ચાવડા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સ્વ.શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર, સ્વ.શ્રી માણેકભાઈ સોમાભાઈ તડવી, સ્વ.શ્રી બુધાજી જીતાજી ચૌહાણ, સ્વ.શ્રી શંભુભાઈ વલ્લભભાઈ પટેલ, સ્વ.શ્રી જેશીંગભાઈ ડુંગરીયાભાઈ વસાવા, સ્વ. ડૉ. કુમુદિનીબેન ગજેન્દ્રભાઈ પંચોલી અને સ્વ.શ્રી પરસોત્તમભાઈ નાનજીભાઈ ભોજાણીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો. |
| **શુક્રવાર, તા. ૨૧મી** | (૧) સન ૨૦૧૩–૧૪ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત<br>(૨) સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત |
| **શનિવાર, તા.૨૨મી** | **રજા** |
| **રવિવાર, તા.૨૩મી** | **રજા** |
| **સોમવાર, તા.૨૪મી** | પ્રથમ બેઠક<br>રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)<br>**બીજી બેઠક**<br>**રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો અને છેલ્લો દિવસ)** |

| | |
|---|---|
| **મંગળવાર, તા.૨૫મી** | પ્રથમ બેઠક<br><br>**લેખાનુદાન પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન**<br><br>બીજી બેઠક<br><br>(૧) સરકારી વિધેયક<br>સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br><br>**(૨) બિન–સરકારી વિધેયકો**<br><br>પ્રભારી સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિને કારણે બિન–સરકારી વિધેયકો હાથ ધરી શકાયા નહિં |
| **બુધવાર તા.૨૬મી** | પ્રથમ બેઠક<br><br>**પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન**<br>**બીજી બેઠક**<br><br>(૧) સરકારી વિધેયકો<br>(૧) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૪નું ગુજરાતના અધિનિયમો રદ કરવા બાબત વિધેયક<br><br>(૨) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક<br><br>(૩) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૪નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક<br><br>(૨) છેલ્લા દિવસનો પ્રસ્તાવ |

## પત્રક ક્રમાંક–૨૧

## (જુઓ ફકરા ક્રમાંક :–૨૫)

## રોજેરોજના કામકાજનો સારાંશ

## <u>ગુરૂવાર, તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪</u>

નામદાર રાજયપાલશ્રી ડો.શ્રીમતી કમલા બેનીવાલે બપોરના ૧૨–૦૦ વાગ્યે વિધાનસભાગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

નામદાર રાજયપાલશ્રીનું સંબોધન પૂરૂં થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ બપોરના ૧૨–૪૦ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

અધ્યક્ષસ્થાને માનનીય અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા

(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ" સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે, સભ્યશ્રી ઋષિકેશ પટેલના અનુમોદનથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

૩. શોકદર્શક ઉલ્લેખો

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય સ્વ.શ્રી વાઘજીભાઈ ધરમશીભાઈ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મોતીભાઈ માવજીભાઈ ચાવડા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર, સ્વ.શ્રી માણેકભાઈ સોમાભાઈ તડવી, સ્વ.શ્રી બુધાજી જીતાજી ચૌહાણ, સ્વ.શ્રી શંભુભાઈ વલ્લભભાઈ પટેલ, સ્વ.શ્રી જેશીંગભાઈ ડુંગરીયાભાઈ વસાવા, સ્વ.ડો. કુમુદિનીબેન ગજેન્દ્રભાઈ પંચોલી અને સ્વ.શ્રી પરસોત્તમભાઈ નાનજીભાઈ ભોજાણીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, માનનીય રાજયકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી પરબતભાઈ પટેલ, માનનીય રાજયકક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી વાસણભાઈ આહિર તેમજ સભ્યો સર્વ શ્રી તારાચંદ છેડા, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી છબીલભાઈ પટેલ, શ્રી પરભુભાઈ વસાવા અને શ્રી રાઘવજીભાઈ પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવી સદગતોને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ, ગુજરાત વિધાનસભાના સભ્ય સ્વ.શ્રી વાઘજીભાઈ ધરમશીભાઈ પટેલના અવસાનના માનમાં સભાગૃહની બેઠકનું બાકીનું કામકાજ મુલતવી રાખવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને માનનીય વિરોધ પક્ષના મુખ્ય દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે તેને સમર્થન આપ્યું. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી.

## <u>શુક્રવાર, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૪</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવને સભાગૃહે પરવાનગી આપવા બાબત

સભ્યશ્રી બલવંસિંહ રાજપૂતે નિયમ–૧૦૬ અન્વયે, "આ સભાગૃહ વર્તમાન મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરે છે." પ્રસ્તાવ સભાગૃહની પરવાનગી માટે રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી આપવાની તરફેણમાં હોય તે સભ્યોને પોતાના સ્થાન પર ઉભા થવાનું જણાવતાં, ૧૭થી વધુ સભ્યો પોતાના સ્થાન પર ઉભા થતા, માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવને રજૂ કરવાની અનુમતિ મળ્યાની જાહેરાત કરી.

૨. તાકીદની જાહેર અગત્ય બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે "તાજેતરમાં રાજય સરકાર ધ્વારા તલાટીઓની ભરતી માટે પરીક્ષાઓ યોજાઈ હતી. જેમાં અંદાજે આઠ લાખ જેટલા બેરોજગારોએ પરીક્ષા માટે ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ આવા ઉમેદવારોને પરીક્ષા આપવાના કેન્દ્રો અંગેની માહિતી ખોટી મળી હતી તેમજ સમયસર પણ મળી ન હતી. આથી આવા અસંખ્ય ઉમેદવારો પરીક્ષા આપવાથી વંચિત રહી જવા પામ્યા છે. તદુપરાંત આ પરીક્ષામાં પાસ કરાવી આપવાના બહાને એજન્ટો ધ્વારા ઉમેદવારો પાસેથી કરોડો રૂપિયા પણ ઉઘરાવવામાં આવ્યા હતા. આવા સંજોગોમાં સાચા અને જરૂરિયાતવાળા ઉમેદવારોને અન્યાય થઈ રહયો છે. આથી પરીક્ષા આપવાથી વંચિત રહેલ ઉમેદવારો પુનઃ પરીક્ષા આપી શકે તથા કરોડો રૂપિયા ઉઘરાવતા એજન્ટો સામે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" સંબંધમાં તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. સભાત્યાગ

તાકીદની જાહેર અગત્યની બાબતમાંથી ઉપસ્થિત થયેલ પ્રશ્નોના માનનીય મંત્રીશ્રીએ આપેલ જવાબ બાદ, માનનીય અધ્યક્ષશ્રીએ, નિયમ–૧૧૬ની નોટીસ અંગેના નિયમો મુજબ એક અથવા તો બે જ સવાલ પૂછવાના હોય છે, તેમ છતાં માનનીય બલવંસિંહજીએ કહયું એટલે ત્રીજો સવાલ પૂછવા દીધો છે, તેવું જણાવી આ હાઉસમાં જે કંઈ ચર્ચા થાય છે એ તમામ પ્રજાના હિતમાં જ થતી હોય છે એમાં અહિતની વાત જ આવતી નથી. આપણા નિયમોની મર્યાદામાં રહીને જ આ હાઉસમાં કાર્યવાહી થશે તેમ જણાવ્યું. આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

(૧) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૨) ગુજરાત પ્રવાસ વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૩) ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૪) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૫) ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૯–૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૬) સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ અને સન ૨૦૧૦–૧૧નો ઓડિટ અહેવાલ તથા આ ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા,

(૭) ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ અને હિસાબો,

(૮) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ અને ઓડિટ અહેવાલ,

(૯) આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૧૦નો વાર્ષિક અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૧૦) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૧૦નો વાર્ષિક અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૧૧) નાણા વિભાગની,

સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની–

(૧) તા.૪–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ– (જીએચએન–૨૧)–
વીએટી/ ૨૦૧૩/ એસસીએચ–૨ (૪૫)(૨૧)–ઠ,

(૨) તા.૪–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ– (જીએચએન–૨૨)–
વીએટી/ ૨૦૧૩/ એસસીએચ–૨ (૨૮ક)(૨૨)–ઠ,

(૩) તા.૮–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ– (જીએચએન–૨૩)
વીએઆર– ૨૦૧૩ (૩૩)–ઠ,

(૪) તા.૧૧–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ–(જીએચએન–૨૪)
વીએટી– ૨૦૧૩/ એસ.૪૦ (૧)(૮)–ઠ,

(૫) તા.૨–૧૧–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ–(જીએચએન–૨૭)
વીએટી– ૨૦૧૩/ એસ.૫ (૨)(૪૦)–ઠ

(૧૨) શિક્ષણ વિભાગના– સન ૨૦૦૭ના ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજયુકશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટીટયૂશન્સ એકટ અન્વયેના તા.૧–૨–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ–જીએચ/ એસએચ/ ૦૩/ ૨૦૧૪/ પીવીએસ/૧૦૨૦૧૩/૬૩૧/એસ,

(૧૩) માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા.૨૨–૮–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ– (જીએચટી/ ૨૦૧૩/ ૧૨) એમએનઆર/ ૧૦૨૦૧૩/ ૧૫૯૬/ એ,

(૧૪) સુરત સર્કલમાં ગેરકાયદેસર વૃક્ષ છેદન અંગેના ઈન્વેસ્ટીગેશન કેસ નં.૧/ ૧૯૯૭ અંગે લોકાયુકત, ગુજરાત રાજયનો તપાસ અહેવાલ

૬. સચિવશ્રીએ અગિયારમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને મહામહિમ રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળેલ છે તેવું સન ૨૦૦૬નું વિધેયક ક્રમાંક–૨૦ વિધાનસભાના મેજ ઉપર મૂકયું.

૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

(૧) સભ્યશ્રીઓના રાજીનામા અંગે

માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી બાવકુભાઈ ઉંઘાડ, ૯૬–લાઠીએ તા.૨૭–૧–૧૪, શ્રી કેશુભાઈ પટેલ, ૮૭–વિસાવદરએ તા.૧૩–૨–૨૦૧૪, શ્રી જશાભાઈ બારડ, ૯૦–સોમનાથે તા.૧૯–૨–૨૦૧૪ અને શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, ૨૭–હિંમતનગરે તા.૨૦–૨–૨૦૧૪ના રોજ સભ્યપદેથી રાજીનામા મને આપેલ છે, જેનો મેં સ્વીકાર કરેલ છે, એવી જાહેરાત કરી.

(૨) સમિતિઓની મુદત વધારવા તથા ખાલી પડેલ બેઠકોની ચૂંટણી માટેના કાર્યક્રમ અંગે

માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહના બન્ને પક્ષના દંડકોએ તેમને આપેલ સંમતિ મુજબ સભાગૃહની સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેની ચૂંટપાયેલી/ નીમાયેલી બધી જ સમિતિઓની મુદત આગામી સત્ર સુધી લંબાવવા તેમજ હાલની નાણાકીય સમિતિઓ પૈકી જાહેર હિસાબ સમિતિમાં ચાર, જાહેર સાહસો માટેની સમિતિમાં બે અને પંચાયતી રાજ સમિતિમાં એક, એમ કુલ મળીને સાત ખાલી પડેલ જગ્યાઓ પર ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

## ૮. સમિતિ અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી વિભાવરીબેન દવેએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

## ૯. સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી વિભાવરીબેન દવેએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

૧૦. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૧૧. અંદાજપત્રની રજૂઆત

માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેનુ અંદાજપત્ર પ્રવચન વાંચ્યા બાદ સન ૨૦૧૪–૨૦૧૫ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું.

## સોમવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૪

### પહેલી બેઠક

૧. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે, સભ્યશ્રી ઋષિકેશ પટેલના અનુમોદનથી તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ત્યારબાદ સભ્યો સર્વશ્રી પ્રવિણભાઈ રાઠોડ, શ્રી પુંજાભાઈ વંશ, શ્રી મંગળભાઈ ગાવિત, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ગૌતમભાઈ ચૌહાણ, શ્રી બલવંતસિંહ રાજપૂત, ડો.અનિલભાઈ જોષીયારા, શ્રી ધારશીભાઈ ખાનપુરા, શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી

મણીલાલ વાઘેલા, શ્રીમતી કામિનીબા રાઠોડ, ડો. તેજશ્રીબેન પટેલ, શ્રી વજેસિંગભાઈ પણદા, શ્રી અમીત ચાવડા, શ્રી કરમશીભાઈ પટેલ, શ્રી માનસિંહ ચૌહાણ, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી નિરંજન પટેલ, શ્રી પુનાભાઈ ગામીત, શ્રી જવાહર ચાવડા, શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા તથા શ્રી મહેન્દ્રસિંહ બારૈયાએ પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ૨૧ સભ્યશ્રીઓએ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લીધો.

## બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે શ્રમયોગીઓના લઘુત્તમ વેતનના દરોમાં વધારો કરવા બાબતમાં નિયમ–૪૪ હેઠળ નિવેદન કર્યું.

૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

(૧) સભ્યશ્રીઓની અટકાયત અને મુકિત

માનનીય અધ્યક્ષશ્રીએ, તેઓશ્રીને પોલીસ અધિક્ષક, ગાંધીનગરના તા.૨૪–૨–૨૦૧૪ના ફેકસ મેસેજથી જાણ કરવામાં આવેલ છે કે, આજરોજ ગાંધીનગર ખાતે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશવા બદલ ગુજરાત વિધાનસભાના માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમજ સભ્ય સર્વ શ્રી અમીતભાઈ ચૌધરી, શ્રીમતી કામિનીબા રાઠોડ તથા શ્રી બળદેવજી ઠાકોરની ગુજરાત પોલીસ એકટની કલમ–૬૮ અન્વયે ૧૩.૪૫ કલાકે કરવામાં આવેલ અટકાયત તથા તેઓ સર્વેને ગુજરાત પોલીસ એકટની કલમ–૬૯ અન્વયે ૧૪.૧૫ કલાકે મુકત કરવામાં આવેલ હોવા સંબંધમાં જાહેરાત કરી.

(૨) સભ્યશ્રીઓના રાજીનામા અંગે

માનનીય અધ્યક્ષશ્રીએ, ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી છબીલભાઈ પટેલ, ૧–અબડાસા તથા શ્રી પરભુભાઈ વસાવા, ૧૫૭– માંડવીએ આજરોજ વિધાનસભાના સભ્યપદેથી આપેલ રાજીનામું આપેલ છે અને તેનો પોતે સ્વીકાર કર્યા અંગેની જાહેરાત કરી.

૪ સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો

(૧) ગુજરાત રાજય મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૩) ગુજરાત વૃધ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯ તથા સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો,

(૪) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૫) ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા,

(૬) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ,

(૭) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર અને ૨૦૧૪–૨૦૧૫ના વર્ષનું અંદાજપત્ર,

(૮) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ,

(૯) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૧૦) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૧૧) નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૯–૨૦૧૦નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન,

(૧૨) ઉદ્યોગ અને ખાણ વિભાગની–

સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા.૧–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચયુ– (૧૮)– જીઆઈડી– ૧૦– ૨૦૦૯– ૯૬૦–જી

(૨) તા.૧–૧૦–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંકઃ–જીએચયુ– (૧૯)– જીઆઈડી– ૧૦– ૨૦૧૨– ૯૮૧–જી

૫. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે, સભ્યશ્રી ઋષિકેશ પટેલના અનુમોદનથી તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ત્યારબાદ એક માનનીય મંત્રીશ્રી સહિત કુલ ૧૮ સભ્યશ્રીઓએ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે આપ્યો.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પર રજૂ થયેલા તમામ સુધારા એકી સાથે મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. સભાત્યાગ

